**આપણા ડિટેક્ટિવ અજય વર્માના પિતાજી કર્નલ વર્માને જન્મદિવસે એક યાદગાર ભેટ આપવા માટે પાત્ર શોધતી રાધિકા એન્ટિક યાને જુનવાણી ચીજવસ્તુઓનો વેપાર કરતી દુકાનોમાં ફરવા લાગે છે અને એને જાણવા મળે છે કે કોઈ અજાયબ ચોર આ દુકાનોમાં વારંવાર ચોરી કરે છે અને... કેટલાક સમય પછી ચોરાયેલી ચીજ યથાસ્થાને પરત મૂકે છે...**

**પાછળ ઉભેલા તરુણના ચહેરા પર તો રુદન જ ટાંપીને બેઠું હતું, એ હમણાં જ રડી પડશે એવું લાગતું હતું, કરીમ એક એક શબ્દ ઉચ્ચારતો હતો અને તરુણ શિયાવિયા થઈ રહ્યો હતો**

# આનું નામ તરુણ પટેલ નહિ પણ કરુણ પટેલ હોવું જોઈએ?

રહસ્ય ચક્ર

★ યશવંત મહેતા

ક રીમ ચટાઈવાલા દૂબળો, અણિયાળા ચહેરાનો, પાંખા વાળનો આદમી હતો. એની જીવંત આંખો અને અણીદાર નાક જોઈએ તો ઉંમર ત્રીસની લાગે, વિશાળ કપાળ પરથી સાઠની લાગે! મહેનતુ અને બુદ્ધિશાળી માણસની એ નિશાની.

મહેનતુ હતો માટે જ એની દુકાન સમૃદ્ધ અને ભરચક હતી. શિલ્પો, વાસણ, રમકડાં, ઘરવખરી... દેશનો ભૂતકાળ ખરેખર ભવ્ય હતો એવું તારવવા માટેનો તમામ સામાન અહીં ખડકાયેલો હતો. રાધિકાએ તેને પણ મુઘલાઈ જમાનાના વાસણ વિશે પૂછતાં જણાવ્યું કે મુકુલભાઈને ત્યાં અને હિંગોરાણીને ત્યાં અને અન્યત્ર નાની નાની ચોરીઓ થઈ છે. તમારે ત્યાં? જવાબમાં કરીમે નિરાંતે કહ્યું, 'અમારા પર અલ્લાતાલાની મહેરબાની છે. ચોરી-બોરી કાંઈ થયું નથી.'

કરીમના અવાજમાં રહેલા આત્મસંતોષના રણકારે રાધિકાને ચમકાવી મૂકી. એણે પૂછ્યું, 'ચોરને તમારી દુકાનનો ખ્યાલ ન હોય એમ બને? મેઈન રોડથી સહેજ અંદર છો તમે, કરીમભાઈ.'



'બની શકે,' કરીમે મોટું કપાળ ધુણાવતાં કહ્યું. પછી પોતાના પીઢ સેલ્સમેન તરુણ પટેલ ભણી વળતાં પૂછ્યું, 'તરુણભાઈ, રાધિકાબેનને જોઈએ છે એવું કોઈ વાસણ છે આપણે ત્યાં?'

તરુણ પટેલનું નામ હવે એને શોભતું નહોતું. એ હવે તરુણ નહોતો. ખાસ્સો પિસ્તાળીસેકનો જણાતો એ સૂકોલૂખો આદમી હતો. માથે એંશી ટકા ટાલ હતી. હોઠ તણાયેલા અને ગાલ બેઠેલા. આટલી ઉંમરમાં જ કમરેથી સહેજ વળી ગયેલો. સૌથી નોંધપાત્ર તો એની આંખો હતી. એ આંખો સદાય ઢળેલી અને શોકાતુર રહેતી. રાધિકાના મસ્તકમાં એક વાંકું વાક્ય પંખીની પાંખની માફક ફરકી ગયું: આનું નામ તરુણ પટેલ નહિ પણ કરુણ પટેલ હોવું જોઈએ.

'થોડાંક રજવાડી વાસણો રાધિકાબેનને હમણાં જ બતાવું,' તરુણે કહ્યું. 'પણ જો બહેન અઠવાડિયા પછી આવે તો... એક જૂની હવેલીનો સરસામાન આવવાનો છે. સાચા અર્થમાં જૂનું ખાનદાન... એમનું નામ જાહેર ન કરાય. તમે સમજો છો ને?'

'તૂટી રહેલાં ખાનદાનોની ઓળખનો મને શોખ નથી,' રાધિકાએ જણાવ્યું. 'અત્યારે તો હાજર છે તે રજવાડી વાસણ જોઈ લઈએ.'

તરુણ દુકાનના પાછલા ભાગમાં ગયો અને મોટી ટ્રે પર નકશીદાર પાત્રોનો જથ્થો લઈ આવ્યો. આદમી જાણકાર હતો. વાસણો તપાસતાં રાધિકાએ પ્રશ્ન છેડ્યો, 'તરુણભાઈ, તમને શું લાગે છે–બધી એન્ટિક શોપ્સમાં નાનીમોટી ચોરીઓ થાય છે, એક તમારી દુકાન જ કેમ બાકાત?'

'હવે આવી બાબતમાં મને શી સમજણ પડે, બેન?' તરુણે નીચી નજરે કહ્યું. જાણે ફર્શ પર લખેલી કોઈ પ્રાચીન લિપિ ઉકેલતો હોય.

'તોય... તમે કદીક આ અંગે વિચાર કર્યો હશે ને?' 'વિચાર તો આવે, બેન. પણ અમારા જેવા નાના માણસે તમારા જેવા શાણા માણસોના કામમાં ચાંચ નહિ બોળવી જોઈએ.'

'હં... છતાંય તમને કશું કારણ સૂઝે તો અમને જણાવજો,' રાધિકાએ પેલી ટ્રે આઘી ખસેડતાં કહ્યું.

'ભલે, બેન,' તરુણે નીચી નજરે મસ્તક હલાવ્યું.

'તો એકાદ અઠવાડિયા પછી પધારજો, રાધિકાબેન,' કરીમે નિમંત્રણ આપ્યું, 'અને અજયબાબુને સલામ કહેજો.'

રાધિકા દુકાનમાંથી નીકળી. એને પોતાની જાત માટે થોડુંક આશ્ચર્ય થઈ રહ્યું હતું. મુકુલ ગાંધી અને બીજાઓએ તેને એન્ટિકની ચોરીઓનો કેસ ઉપાડી લેવા કહ્યું હતું. એણે કેસનો વિધિસર સ્વીકાર કર્યો નહોતો, છતાં મનમાં હવે એની જ ઘટમાળ ચાલવા લાગી હતી!

પોતાના ટૂ-વ્હીલરને સ્ટાર્ટ કરીને ધીમે ધીમે સી.જી. રોડના તડકામાં પસાર થતાં એનું મન પ્રશ્નો કરી રહ્યું હતું. આખો કેસ જરાક અજાયબ નથી? વર્ષોથી ચોરીઓ થાય છે, પરંતુ એ નાની નાની અને અલ્પ મૂલ્યની ચીજોની જ કેમ? વળી ચોરાયેલી કેટલીક ચીજો પાછી કેમ આવે છે? ચોરે કદી કરીમ ચટાઈવાળાની દુકાનને નિશાન કેમ નથી બનાવી? વર્ષોથી એન્ટિકની ચોરી કરનાર કરીમની દુકાનથી અજાણ હોય એ વાત માની શકાય ખરી? અને સૌથી મોટા આશ્ચર્યની વાતઃ ચોરાયેલી ચીજ કદી વેચાવા કેમ નથી આવતી?

રાધિકાએ નક્કી કર્યું કે સી.જી. રોડ ઉપરાંત શહેરમાં જ્યાં જ્યાં એન્ટિક શોપ્સ છે ત્યાં તપાસ કરવી. એમને ત્યાં પણ અલ્પમૂલ્ય નાની ચીજો ચોરાય છે ખરી? સાથે જ કર્નલ વર્માની જન્મદિનની ભેટ શોધવી.

આમ જે કેસ પોતે સ્વીકાર્યો નહોતો, જેને વિશે હજુ અજયને વાત સુદ્ધાં નહોતી કરી, એને વિશે રાધિકા સતત વિચારતી થઈ ગઈ. એ દિવસ તો એણે માંડ વિતાવ્યો, પણ બીજે દિવસે સમય મળતાં જ એ પાછી નીકળી પડી. આશ્રમ રોડ, રિલીફ રોડ પર પણ જૂની ચીજવસ્તુઓની દુકાનો છે. રાધિકા મુઘલાઈ જમાનાનું વાસણ શોધતી એ દુકાનોમાં ફરવા લાગી.

પહેલી જ દુકાન દીનાનાથ કુલકર્ણીની 'પૂર્વી' મળી. દુકાન સારી નહોતી. સુવ્યવસ્થિત નહોતી. ચીજવસ્તુઓ પર ધૂળ ચડેલી હતી. જેવી દુકાન હતી એવો દુકાનદાર હતોઃ ધૂળ ચડેલો જુનવાણી જણ.

પરંતુ એ રાધિકાને ઓળખી ગયો. બોલ્યો, 'બેન, તમે ડિટેક્ટિવ છો એની મને ખબર છે. જરા અમારો કેસ હાથમાં લો.'

'એટલે કે તમારી દુકાનમાંથી પણ ચોરી થઈ છે?'

'વર્ષો પર્યંત નાની મોટી ચોરીઓ થઈ છે, બેન. એવી ચોરીઓ જેને માટે ફરિયાદ નોંધાવતાં અમને શરમ લાગે. એવી ફરિયાદ પર પોલીસવાળાનેય હસવું આવે.'

'તમારે ત્યાંથી છેલ્લે છેલ્લે શાની ચોરી થઈ છે?'

'ગયા અઠવાડિયે છીંકણીની નાની ડબ્બી ગઈ. ડબ્બી ચાંદીની હતી. કહે છે કે અલવરના રાજા–'

'અલવર તો રાજસ્થાનમાં આવ્યું ને?'

'હા, બેન.'

'ભલે. હવે સાવધ રહેજો,' કહીને રાધિકા ચાલી.

એ જ રોડ પર મનોહર શેઠની દુકાનમાં મુઘલાઈ કાળનું કોઈ વાસણ નહોતું, પણ ફરિયાદ હતી.

'હવે તો,' મનોહરે જણાવ્યું, 'અમે દરરોજ દરેક આઈટમની હાજરી પૂરીએ છીએ. ગયા એક જ મહિનામાં રાજસ્થાની વાડકી અને કંકાવટી ગયાં. મેં મારા માણસોને–'

'તમે શું કહ્યું? જે બે વસ્તુ ગઈ તે રાજસ્થાનની હતી?'

'હા, બેન. એ બે વસ્તુ જ નહિ, અગાઉ પણ સ્ત્રીઓના નાનાં મોટાં ઘરેણાં અને વાસણ... જે કાંઈ ગયું છે તે રાજસ્થાનનું. રજપૂત યુગનું!'

'અં... હં.'

'મને તો લાગે છે કે કોઈ રાજસ્થાની ચોર પેંધો પડ્યો છે,' મનોહરે સૂચવ્યું. 'સંભવ છે કે જેણે આઝાદી વખતે રાજ ગુમાવવું પડ્યું હોય એવો કોઈ રજવાડી પેટબળ્યો આદમી હશે.'

'હં... રાજસ્થાની...' રાધિકા બબડી.

હવે નક્કી થયું કે મયંકને ત્યાં, આમ્રપાલીમાં, ગૌરવીર્ય બધે જ જે નાની નાની ચીજો ચોરાઈ હતી તે મૂળ રાજસ્થાનની હતી. અને એણે જે દુકાનો પછીના ત્રણ-ચાર દિવસ જોઈ ત્યાં પણ એક પણ અપવાદ વિના, દરેક ચીજ રાજસ્થાની મૂળની હતી. અને ચોરીઓમાં એક અપવાદ રહી ગયો હતો તે પણ સાતમે દિવસે તૂટી ગયો. કરીમ ચટાઈવાલા અને એના સેલ્સમેન તરુણ પટેલે રાધિકાને અઠવાડિયા પછી આવવાનું સૂચવ્યું હતું, એ મુજબ રાધિકા એ દુકાને પહોંચી ત્યારે એ ભલા આદમીએ બારણામાં પેસતાં જ આંચકાજનક સમાચાર આપ્યાઃ 'રાધિકાબેન! હવે તો અમે પણ લૂંટાયા! પહેલી જ વાર!'

આમ બોલતી વેળા કરીમના ચહેરા પર ફરિયાદ અને આશ્ચર્યના ભાવ હતા. પાછળ ઉભેલા તરુણના ચહેરા પર તો રુદન જ ટાંપીને બેઠું હતું, એ હમણાં જ રડી પડશે એવું લાગતું હતું, કરીમ એક એક શબ્દ ઉચ્ચારતો હતો અને તરુણ શિયાવિયા થઈ રહ્યો હતો.

'ચોરી ક્યારે થઈ, કરીમભાઈ? આજે સવારે?' રાધિકાએ દુકાનમાં નજર દોડાવતાં પૂછ્યું.

'તરુણભાઈને હજુ પંદર મિનિટ પહેલાં જ ખબર પડી. એમણે મને વાત કરી અને મેં વીમા કંપનીને ફોન કરી દીધો.'

'આજ સવારથી અત્યાર સુધીમાં તમારી દુકાનમાં કોણ કોણ આવ્યું હતું?'

'દસ-બાર પાર્ટીઓ આવી ગઈ. લગભગ બધા જ અમારા જૂના ઘરાક છે. પાંચસો-હજારની ચીજ ઉપર જીવ બગાડે એવા કોઈ નથી. નવા લોકોમાં તો બે અમેરિકન ટૂરિસ્ટ આવ્યા હતા, પણ એમની ઉપર તો અમારી બાજ નજર હતી. વળી, અમેરિકનો તો નાણાં ખર્ચવા માટે ઈન્ડિયા આવે છે, ચોરી કરવા નહિ.'

'અચ્છા, ચોરાયું છે શું?'

'ઘરેણાં રાખવા માટેની હાથીદાંતની નકશીદાર ડબ્બી.'

'રાજસ્થાનની બનાવટ, બરાબર ને?'

'તમને કેવી રીતે ખબર પડી ગઈ, બેન? વાત તદ્દન સાચી. રાજસ્થાનમાં ગઈ સદીમાં ઘડાયેલી ડાબલી. એની કિંમત પણ ખાસ મોંઘી નથી, દોઢ-બે હજાર થાય.'

'ક્યાંથી ચોરાઈ?'

કરીમ અને તરુણ બંને દુકાનના ઈશાન ખૂણા તરફ વળ્યા. ત્યાં જૂના જમાનાના કોતરેલા મેજ પર નાની-મોટી કેટલીક ચીજો ગોઠવાયેલી હતી. એમાં એક નાનકડી ડબ્બીની જગ્યા ખાલી હતી–માણસની હથેળી જેટલી જગ્યા. રાધિકાએ પૂછ્યું, 'છેલ્લે ક્યારે તમે આ ડાબલી જોઈ હતી?'

કરીમે તરુણ તરફ જોયું. તરુણ બોલ્યો, 'લગભગ ગઈ કાલ સુધી તો હતી જ. બાકી આવી વસ્તુઓનું એવું છે કે જ્યાં સુધી ખાસ એને શોધીએ નહિ ત્યાં સુધી એની ગેરહાજરી જણાતી નથી.' 'તમારી વાત સાચી છે,' રાધિકાએ મસ્તક હલાવ્યું. આ પછી પણ એ નાના-મોટા કેટલાક પ્રશ્નો પૂછતી રહી અને કર્નલ વર્મા માટેના મુઘલાઈ કાળના વાસણ વિશે પૂછપરછ કરવાનું તો વીસરી જ ગઈ અને દુકાન બહાર નીકળી ગઈ.

**(વાચક મિત્રો! ન મારફાડ, ન ખૂનામરકી. બસ, સાદો સરખો ચોરીનો કેસ! જાણે પોકારી પોકારીને કહેતો હોય કે સાહેબો! રહસ્યકથા હિંસક જ હોય એવું માનશો નહિ! આ સુંવાળી વાર્તા આગળ વાંચજો. મજા આવશે.)**

**ફાલ્ગુનીનો અજબ પ્યાર-2**